ગાંધીનગર સમાચાર

અનોખો 'ગબ્બર' બનાવવા
ધોળાકુવાના યુવાનોનો શ્રમયજ્ઞ

## @ગાંધીનગર

● ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય દ્વારા યુનિ. સંલગ્ન કોલેજોનો સંયુકત યુવક મહોત્સવ 'સંગત-૨૦૧૬', સે-૧૫, એલડીઆરપી ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજી એન્ડ રીસર્ચ કોલેજ ખાતે સવારે ૧૦ કલાકથી યોજાશે.

● સુંદરધામ પરિવાર દ્વારા રાત્રે ૮.૩૦ કલાકે યુવા કથાકાર ભારતી બાપુની વ્યાસપીઠે સે-૨૯, શ્રી જલારામ મંદિર ખાતે સુંદરકાંડના પાઠ યોજાશે.

### ઈન્ફોસીટી ટાઉનશીપ ખાતે આધારકાર્ડ કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૨૨

ઈન્ફોસીટી ટાઉનશીપ ગાંધીનગર ખાતે તા. ૨૩ સપ્ટેમ્બરને શુક્રવારના રોજ સવારના ૧૧ કલાકે આધારકાર્ડના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પ ઈન્ફોસીટી ટાઉનશીપ ગાંધીનગરના પ્રમુખ પિનાકીનભાઈ રાવલ, ટાઉનશીપ અગ્રણી ભાવનાબેન દેસાઈના સહકારથી તેમજ કોર્પોરેશનના સ્ટેન્ડીંગ કમિટિના ચેરમેન મનુભાઈ પટેલ વોર્ડ નં. ૮ના કોર્પોરેટર નરેશભાઈ પરમાર અને પ્રવિણાબેન વોરાના સૌજન્યથી યોજાશે. જેનો લાભ લેવા જણાવાયું છે.

### શ્રી સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા વય જૂથ ગરબા સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા.૨૨

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા આગામી તા. ૨ ઓકટોબરના રોજ બપોરના ૨ કલાકે સે-૧૬, બ્રહ્મભવન ખાતે ફરતા વય જૂથ ગરબા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વિવિધ વયજૂથના ફરતા ગરબા યોજાશે. આ ફરતા ગરબા સ્પર્ધામાં ૫ થી ૧૫ વર્ષ, ૧૬ થી ૨૫ વર્ષ, ૨૬ થી ૩૫ વર્ષ, ૩૬ થી ૪૫ વર્ષ અને ૪૫ વર્ષથી ઉપરની વયના ગરબા સ્પર્ધકોનો સમાવેશ કરવામાં આવશે. સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુકોએ અંજનાબેન ગોર અને જ્ઞાનદેવીબેન ફોન નં. ૨૩૨૪૧૪૫૨ અથવા પ્રતિમાબેન ત્રિવેદી ફોન નં. ૨૩૬૦૦૦૧૦નો સંપર્ક સાધવાનો રહેશે તેમ પ્રમુખ ચંદ્રીકાબેન રાવલે જણાવ્યું છે.

# નવરાત્રીમાં યુવતિઓમાં કચ્છી ડ્રેસ ઓન ડિમાન્ડ

## યુવતિઓ આભુષણો અને ડ્રેસ પાછળ રોજ હજ્જારો રૂપિયા ખર્ચ કરે છે

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેરમાં નવરાત્રીનું કાઉન્ટ ડાઉન શરુ થઈ ગયુંછે. નવલી નવરાત્રીને ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે ખૈલેયાઓમાં અનેરો તરવરાટ જોવા મળી રહ્યો છે. ગરબા રસિયો પોતાની નવરાત્રીની તૈયારીઓને આખરી ઓપ આપી રહ્યા છે. આ વર્ષે નવરાતમાં મહિલાઓમાં "રામલીલા ફેઈમ" કચ્છી અને થાન વિસ્તારનો ડ્રેસ હોટ ફેવરીટ બન્યો છે. જયારે નવદિવસ ગરબે ઘુમવા યુવતિઓ અધધ ભાડું ચુકવે છે. જયારે કેટલીક યુવતિઓના ડ્રેસનું વજન ૧૫ કિલોથી વધુ હોવા છતા આસાનીથી ગરબે ઘુમતી નજરે પડે છે.

નવરાત્રી મહોત્સવ એ દુનિયાનો સૌથી મોટો ઉજવાતો ઉત્સવ છે. નવલી નવરાત્રીમાં ગરબે ઘુમીને માતાજીની આરાધના કરતા હોય છે. શકિત અને ભકિતના ઉજવાતા આ પર્વમાં યુવાવર્ગ મનમુકીને ગરબે ઘુમે છે. શહેરમાં નવરાત્રી માટે યુવાવર્ગમાં અનેરો ઉત્સાહ જોવા મળે છે ત્યારે ખાસ કરીને મહિલાઓ અવનવી સ્ટાઈલ તેમજ ડ્રસીંગ સાથે ગરબે ઘુમવા થનગની રહી છે ત્યારે આ નવરાત્રીમાં યુવતિઓમાં કયા પ્રકારના ડ્રેસ ફેવરીટ છે તે અંગે કાવ્યા ટ્રેડીશનલ ડ્રેસના મેઘા ભટ્ટ અને પનઘટના ભાવિન પટેલ સાથે વાત કરતા તેઓએ જણાવ્યું કે આ વર્ષે નવરાત્રીમાં રામલીલી ફેઈમ કચ્છી ડ્રેસ ગામઠી વર્ક ધરાવતો હોટ ફેવરીટ છે. જયારે ડ્રેસમાં ઉન તેમજ મોતીવર્ક કરેલા ડ્રેસ ઓન





ડિમાન્ડ છે. બહેનો રૂ.૫૦૦ થી ૧૫૦૦ સુધીના ડ્રેસ ભાડે લઈ ગરબે ઘુમે છે જયારે કેટલીક બહેનો મેઘા ફાઈનલમાં અધધ ભાડું આપીને ૧૫ કિલોથી વધુ વજનના ડિઝાઈનર ડ્રેસ સાથે ગરબે ઘુમતી નજરે નિહાળવા મળે છે.મહિલાઓ નવરાત્રીમાં છુટથી ગરબે ઘુમવા લાઈટ વેટના ડબલ લેયરના ઘાઘરા વધુ પસંદ કરે છે. નવલી નવરાતમાં ટ્રેડીશનલ ડ્રેસ સાથે હાથપગની એસેસરીઝ પણ એટલી જ મહત્વનું સ્થાન ધરાવે છે. જેમાં બલૈયા, ગળામાં પહેરવા નેકલેસ, હાથપગના પૌંચા, ડામણી ,નથણી, કડા, સહિતનો સમાવેશ થાય છે. ગાંધીનગરની નવરાત્રીની શોખીન કેટલીક યુવતિઓ અત્યારે હાલ કચ્છ તેમજ થાન વિસ્તારમાં જઈને સ્પેશ્યલ ડ્રેસ તૈયાર કરાવી રહ્યા છે. કચ્છી ડ્રેસ અંદાજે રૂ.૩૫,૦૦૦ હજારથી વધુનો ખરીદી કરતા પણ નવીપેઢી અચકાતી નથી.નવલી નવરાતની તૈયારીઓ શહેરમાં તડામાર ચાલી રહી છે. ત્યારે યુવતિઓ પણ ડ્રેસીંગનું અનેરુ મહત્ત્વ છે ત્યારે શહેરની યુવતિઓ બે ત્રણ મહિના પહેલા આગોતરુ આયોજન કરે છે. નવરાત્રીમાં આ વર્ષે પરંપરાગત ટ્રેડીશનલ ડ્રેસ તેમજ રામલીલી ફેઈમ ચણીયાચોળી ઓન ડિમાન્ડ છે.

# નવી ગાડીઓનાં બોગસ બિલો બનાવીને ઓછો ટેક્સ ભરવાનું કૌભાંડ

## પોપ્યુલર ડીલર પ્રા. લિ નાં ડાયરેક્ટર સામે ગુનો દાખલ : ૧૨ ગાડીઓનું ગાંધીનગર આર.ટી.ઓ માં રજીસ્ટ્રેશન કરાવ્યુ હતુ : હેડ ક્લાર્કે આપી ફરિયાદ

ગાંધીનગર, તા.૨૨

મારુતિ સુઝુકી કંપનીની ગાડીઓના વેચાણ બાદ તે કારનાં બબ્બે બિલ બનાવી એક બિલ ગ્રાહકને આપી અને બીજુ બોગસ બિલ ટેકસ ઓછો ભરવા આર.ટી.ઓમાં રજુ કરવા ઓછી રકમનુ બનાવીને કૌભાંડ કરતી કંપનીનાં ડાયરેક્ટર સામે પોલીસ ફરિયાદ નોંધાવા પામી છે. ગાંધીનગર આર.ટી.ઓના હેડ કલાર્કની ફરિયાદને આધારે સે-૭ પોલીસે પોપ્યુલર વ્હિલર પ્રા.લિ નાં ડાયરેક્ટર સામે સરકારમાં ઓછો ટેક્સ ભરી સરકારને નાણાકિય નુકશાન કરી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરવા બદલ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી શરુ કરી છે.

ગાંધીનગર આર.ટી.ઓ કચેરીમાં હેડ કલાર્ક તરીકે ફરજ બજાવતા મગનભાઈ ડામોરે સે-૭ પોલીસ મથકમાં કૌભાંડ અંગે ફરિયાદ આપી છે. કૌભાંડ એવી રીતે પકડાયુ કે પોલીસે એક વેગન આર ગાડી ડીટેઈન કરી હતી. આર.ટી.ઓ મેમો પોલીસે કાર માલીકને પકડાવ્યો હતો. મેમો ભરવા કાર માલીક કચેરીએ ગયો અને રજીસ્ટ્રેશન થયેલુ નહિ હોવાથી ક્લાર્કે ગાડીના કાગળો માંગ્યા હતા. કાગળો તપાસતી વખતે ગાડીનુ બિલ ધ્યાનથી વાંચ્યુ તો તેમાં રુ.૪.૧૦ લાખ લખેલુ હતુ. જયારે આ જ ગાડીનાં રજીસ્ટ્રેશન માટે કાર ડીલર કંપની દ્વારા મોકલવામાં આવેલુ બિલ જોતા તે રુ.૩.૭૫ લાખ જ હોવાનુ ધ્યાને આવ્યુ હતુ. એક જ ગાડીના બે અલગ અલગ બિલો જોઈને આર.ટી.ઓ અધિકારી પણ ચોંકી ગયા હતા. કોઈ પણ નવા વાહનની બેઝીક કિંમતના બિલ આધારે આર.ટી.ઓ દ્વારા રોડ ટેક્સની ગણતરી કરીને ટેક્સ વસુલવામાં આવતો હોવાથી મારુતિ સુઝુકીની પોપ્યુલર વ્હિલર પ્રા.લિ દ્વારા બબ્બે બિલો બનાવી ઓછી રકમ વાફુ બિલ આર.ટી.ઓમાં રજુ કરીને ટેક્સ બચાવવાનુ કૌભાંડ ચાલી રહ્યુ હોવાનુ ખુલ્યુ છે. આર.ટી.ઓ એ તપાસ કરી કે આ ડીલર દ્વારા કેટલા વાહનો રજીસ્ટ્રેશન કરવામાં આવ્યા છે? અને બોગસ બિલો રજુ કરી ટેક્સ ઓછો ચુકવવાનુ કૌભાંડ આચર્યુ છે. તો સપ્ટે-૨૦૧૫ થી જુન-૨૦૧૬ સુધી ૧૨ ગાડીઓનુ આ કંપની મારફતે રજીસ્ટ્રેશન કરવામાં આવ્યુ હોવાનુ ખુલ્યુ છે. બોગસ બિલો બનાવીને અત્યાર સુધી રુ.૧૨,૬૬૮ નો સરકારમાં ઓછો ટેકસ ભરી સરકારને નાણાકિય નુકશાન કરી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરવા બદલ હેડ કલાર્કની ફરિયાદ આધારે સે-૭ પી.આઈ કે.એમ.પ્રિયદર્શીએ ડીલરશીપ ધરાવતી કંપનીના ડાયરેકટર જશવંત રામજી પટેલ સામે આઈ.પી.સી કલમ ૪૦૬, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, અને ૪૭૧ મુજબ ગુનો નોંધી ઉંડી તપાસ શરુ કરી છે.

# અનોખો 'ગબ્બર' બનાવવા ધોળાકુવાના યુવાનોનો શ્રયમજ્ઞ

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગરમાં નવરાત્રિનું કાઉન્ટ ડાઉન ચાલુ થઈ ગયુંછે. નવરાત્રિ પર્વમાં શહેરના અબાલ વૃધ્ધ સૌ કોઈ ઉમંગથી જોડાય છે. જો કે શહેરના પાદરે આવેલ ધોળાકુવા ગામમાં વર્ષોથી ચાલી આવતી પ્રથા મુજબ નવરાત્રિ ઉજવવામાં નથી આવતી. આ કારણે ગામના યૌવનધનને નવરાત્રિમાં ગરબે ઘુમવાનો તો મોકો પ્રાપ્ત થતો નથી પરંતુ આ યુવાનો દર વર્ષે તેમની સર્જનાત્મકતા દ્વારા આખા ગાંધીનગરને ધોળાકુવાની મુલાકાત લેવા મજબુર કરે છે. બળિયાદેવ યુવક મંડળના યુવાનો દ્વારા દર વર્ષે ત્રણ માસની અથાગ મહેનત હાથ ધરી અનોખો 'ગબ્બર' તૈયાર કરવામાં આવે છે જેને નિહાળવા ગાંધીનગરના શહેરીજનો નવરાત્રિ દરમિયાન એકવાર ધોળાકુવાની અચુક મુલાકાત લે છે.

ધોળાકુવાની પ્રાથમિક શાળા પાસે આવેલા બળિયાદેવ મંદિર નજીક છેલ્લા કેટલાક વર્ષોથી ગામના યુવાનો, કિશોરો અને બાળકો દ્વારા મહોલ્લા માતાની પ્રવૃત્તિને નવો જ આયામ આપવામાં આવ્યો છે. થર્મોકોલ કટિંગ, પેઈન્ટિંગ, ઈલેકટ્રિક સર્કિટસ, મોટર્સ, લાઈટીંગ, મીની મોડેલ્સ, કલેવર્ક, વુડન આર્ટ વગેરેનો ઉપયોગ કરી એક વિશાળ થીમ અંતર્ગત આ મહોલ્લા માતા કે ગબ્બર તૈયાર કરાય છે. આ થીમમાં



આબેહૂબ કિલ્લા, યજ્ઞશાળા, ઋષિમુનિઓ, પનિહારીઓ, રોડ-રસ્તા, સ્ટ્રીટ લાઈટસ, જંગલો પર્વતો, ઝરણાં, પ્રાણીઓ, મંદિરો, વાહનો, ટ્રાફિક સિગ્નલ્સ, ઈમર્જન્સી સેવાઓ, રોપ-વે, ખેડૂતો, શ્રમિકો, વાવ-કુવા વગેરે સહિત અઢળક સર્જનાત્મકતાને આવરી લઈ અદભૂત લાઈવ દશ્ય તૈયાર કરાય છે. આ ગબ્બરને જોઈ સૌ કોઈ જોતા જ રહી જાય છે અને તમામ મુલાકાતીના મોઢામાંથી માત્ર આ જ શબ્દો નીકળે છે. અદભૂત...સુપર્બ...અનોખું.

ગબ્બર તૈયાર કરવા માટે બળિયાદેવ યુવક મંડળના ૨૦થી વધુ યુવાનો તથા અન્ય બાળકો ત્રણ માસ અગાઉથી જ કાર્યરત થઈ જાય છે. દરરોજ રાત્રે મંદિરના ઉપર આવેલ હોલમાં તેની તૈયારીઓ કરાય છે જેમાં આખા મોડેલના વિવિધ ભાગોને અલગ અલગ રીતે તૈયાર કરવામાં આવે છે. કટીંગ, વાયરીંગ, પેસ્ટિંગ, કલરીંગ, પોલીશીંગ, ફિનીશીંગ જેવા અનેક ટાસ્ક વારાફરથી હાથ ધરાય છે. યુવક મંડળને આ કામ માટે ગામના અગ્રણીઓ તરફથી માત્ર આર્થિક મદદ જ નહી પરંતુ જરૂરી માર્ગદર્શન તથા પ્રોત્સાહન પણ પુરું પાડવામાં આવે છે. આ વર્ષે આ યુવાનો નવી જ થીમ સાથે ફરી એકવાર કમર કસીને તૈયારીઓ કરી રહ્યા છે.

## વાતવાતમાં

● સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના ગાંધીનગર સંકુલ દ્વારા રિઓ ખાતેના પેરા ઓલમ્પિકમાં ગોલ્ડમેડલ વિજેતા દેવેન્દ્ર ઝાઝરિયાને સન્માનવાનો કાર્યક્રમ મુલત્વી રાખવો પડયો છે. આ તારીખોમાં દેવેન્દ્ર ઝાઝારિયા દિલ્હી ખાતેના કાર્યક્રમમાં વ્યસ્ત હોવાથી ગાંધીનગર આવી શકે તેમ ના હોવાથી હવેથી આ કાર્યક્રમ માટે નવી તારીખ મેળવી યોજવામાં આવશે.

● પથિકાશ્રમ પાસેના સહયોગ સંકુલના એક મહિલા કર્મચારીના ડ્રાયવર તરીકે ફરજ બજાવતા યુવાનની અચાનક તબિત બગડતા વોમીટ કરી ઢળી પડયો હતો. પહેલેથી ટીબીનું દર્દ ધરાવતા આ યુવાનને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા સિવિલ હોસ્પિટલ લઈ જવાયો હતો જયાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

● શહેરના ઘ-૩ સર્કલથી ચ-૩ સર્કલ તરફના માર્ગ નં. ૩ પર સ્ટોર્મ વોટર લાઈનના સિમેન્ટના ઢાંકણા ખસી જવા પામ્યા છે. અને તેની ચેમ્બરમાં ખાડાઓ પણ પડી ગયેલા છે. આ ખાડાઓના કારણે વાહનચાલકો અકસ્માતનો ભોગ બની રહ્યા છે.

● શહેરમાં સ્ટ્રીટ લાઈટો બંધ રહેતી હોવાની ફરિયાદોએ માઝા મુકી છે. આગામી નવરાત્રિ પર્વને ધ્યાનમાં લઈને ટોરેન્ટ પાવરના કર્મચારીઓ હાલ સેકટરે સેકટરે લીસ્ટ લઈ બંધ સ્ટ્રીટ લાઈટની સમસ્યા હલ કરવા કમર કસી રહ્યા છે.

● ગાંધીનગરની સિવિલ હોસ્પિટલનો પિડીયાટ્રીક વોર્ડ બાળદર્દીઓથી હાઉસફુલ થઈ જવા પામ્યો છે. શરદી ખાંસી, વાઈરલ તાવ તથા શ્વાસની તકલીફના બાળદર્દીઓની સંખ્યામાં હાલ વધારો થયેલો જોવા મળી રહ્યો છે.

### પ્રિશા આર્ટ ફાઉન્ડેશન દ્વારા હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા.૨૨

કલા, શિક્ષણ, સાહિત્ય અને સેવાકીય પ્રવૃત્તિઓના મુખ્ય ઉદ્દેશો અને ધ્યેય પૂર્ણ કરવા ગાંધીનગરમાં પ્રિશા આર્ટ ફાઉન્ડેશનની સ્થાપના કરવામાં આવી છે. જે અંતર્ગત તાજેતરમાં ફાઉન્ડેશન દ્વારા બેઠક યોજાઈ હતી. જેમાં ફાઉન્ડેશનના હોદ્દેદારો તેમજ કારોબારી સભ્યોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. પ્રિશા આર્ટ ફાઉન્ડેશનના પ્રમુખ તરીકે હસમુખભાઈ મેકવાન, મંત્રી તરીકે નિરવભાઈ મેકવાન, ખજાનચી તરીકે અર્પિતા પરમારની વરણી કરવામાં આવી હતી તથા કારોબારી સભ્યો તરીકે ઈસુદાસભાઈ સાગર, સંદીપ એન્જીનીયર, મધુબેન પરમાર અને મહેન્દ્રભાઈ પ્રજાપતિની વરણી કરાઈ હતી. આ બેઠક દરમિયાન સંસ્થા દ્વારા આગામી દિવસોમાં કલાના માધ્યમ દ્વારા લોક શિક્ષણ અને લોક જાગૃતિના કાર્યક્રમો કરવામાં આવશે તેમાં નગરના કોઈ પણ ક્ષેત્રના કલાકારો, લેખક-કવિઓ, સાહિત્યકારો તેમજ સેવાકીય પ્રવૃત્તિમાં રસ ધરાવતા નગરજનોને સંસ્થામાં જોડાવવા પ્રમુખ હસમુખભાઈ મેકવાન દ્વારા જણાવાયુંછે.

# શહેરમાં શહીદોને શ્રધ્ધાંજલિ





જમ્મુ-કાશ્મીરના ઉરી બેઝ કેમ્પ ખાતે ત્રાસવાદી હુમલામાં એક સાથે ૧૭ ભારતીય જવાનો શહીદ થવાની ઘટનાએ સમગ્ર દેશને હચમચાવી મુકયો છે. આ ઘટનાના પગલે દેશભરના નાગરિકોમાં પાકિસ્તાન સામે પ્રચંડ આક્રોશ અને ફીટકાર સાથે શહીદો માટે સંવેદનાની લાગણી ઉભરી આવી છે. દેશના જાંબાઝ જવાનોની વીરતા માટે સૌ કોઈ ગર્વથી નત મસ્તક થઈ શહીદોના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી રહ્યા છે. હૃદયમાં ટીસ સાથે સામાન્ય નાગરિક શહીદ પરિવારની લાગણીને હૃદયથી અનુભવી રહ્યો છે. દેશભરમાં શહીદોને શ્રધ્ધાંજલિ માટે વિવિધ કાર્યક્રમ યોજાઈ રહ્યા છે. ગાંધીનગરના ગુડા વિસ્તાર વાવોલની દ્વારકેશ રેસીડેન્સીના રહીશો દ્વારા બુધવારે સાંજે સોસાયટીમાં શ્રધ્ધાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં રહીશોએ સોસાયટી કમ્પાઉડમાં એકઠા થઈ મીણબત્તીઓ પ્રગટાવી શહીદોના માનમાં મૌન પાળવા સાથે દેશ વધુ શકિતશાળી બને તે માટે પ્રાર્થના કરી હતી. આ કાર્યક્રમ સાથે તેઓ પણ શહીદ પરિવારની સંવેદનામાં પડખે ઉભા હોવાનો અહેસાસ કરાવ્યો હતો. આ ઉપરાંત સેકટર-૧૫માં ફતેપુરા ગામના રહીશોએ પણ શહીદોના માનમાં શ્રધ્ધાસુમન અર્પણ કર્યા હતા. આ કાર્યક્રમમાં બાળકોથી માંડીને વડીલો પણ જોડાયા હતા.

## ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં આર.એન. પટેલ પ્રાથમિક શાળાનો ઉત્કૃષ્ટ દેખાવ

ગાંધીનગર, તા.૨૨

તાજેતરમાં તાલુકા કક્ષાએ ગણિત-વિજ્ઞાન પ્રદર્શન ૨૦૧૬નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આર.એન. પટેલ પ્રાયમરી શાળાએ જુદા જુદા વિભાગોમાં ભાગ લીધો હતો. પ્રદર્શન ૨૦૧૬માં શાળાના શિક્ષકોના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ વિવિધ કૃતિઓ રજુ કરી હતી. શિક્ષક ગીતાબેન પટેલે ખારા પાણીનું વિદ્યુત વિભાજન કરી વિદ્યુત ઉર્જા મેળવવી, હેતલબેન પટેલે ટ્રાફિક કંટ્રોલર રોડ અને સોલાર ચાર્જરની કૃતિ તથા કે.કે. પટેલે ગાણિતીક કોયડા સહિતની કૃતિઓ રજુ કરી હતી. શાળાના આચાર્યએ વિદ્યાર્થીઓને તથા માર્ગદર્શક શિક્ષકોને પ્રદર્શનમાં ભાગ લેવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

## જુસિકા દ્વારા અનામી મૃતકોને શ્રધ્ધાંજલિ અર્પવા કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૨૨

જુનિયર સિટીઝન્સ કાઉન્સિલ દ્વારા ગત વર્ષમાં ૪૪ અનામી મૃતકોના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. આ અનામી મૃતકોના મોક્ષ અર્થે હિન્દુ શાસ્ત્રોકત વિધિ અનુસાર આગામી તા. ૨૪ સપ્ટેમ્બરને શનિવારના રોજ બપોરના ૩ થી ૫ કલાક દરમિયાન સંસ્થાના કાર્યાલય સે-૧૨, સિવિલ હોસ્પિટલ કંપાઉન્ડ ખાતે શ્રી સત્યનારાયણ ભગવાનની કથા અને શ્રાધ્ધવિધિનું આયોજન કરવામાં આવ્યું છે. તેમજ કથાના અંતે અલગ અલગ સંસ્થાના દિવ્યાંગ બાળકોને તથા વૃધ્ધાશ્રમના વૃધ્ધોને ભોજનથી તૃપ્ત કરવામાં આવશે.

આ ઉપરાંત સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા અને જુનિયર સિટિઝન્સ કાઉન્સિલ ગાંધીનગર દ્વારા આયોજિત આત્મીય સ્વજનોની યાદમાં શ્રધ્ધાંજલિ સ્વરાષ્ટમીનો કાર્યક્રમ આગામી તા. ૨૫ સપ્ટેમ્બરને રવિવારના રોજ બપોરના ૩ કલાકે સે-૧૭, ટાઉનહોલ ખાતે આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં નયન પંચોલી અને સાથી કલાકારો સ્વરપ્રયાગ કરશે. આ સતકાર્યમાં સંસ્થાના સભ્યો અને નગરજનોને ઉપસ્થિત રહેવા સંસ્થા દ્વારા જણાવાયું છે.

# મગફળીના તૈયાર પાકનો ડોળે દાટ વાળ્યો

## મગફળીના મૂળીયાંનો જ સફાયો કરી નાખતો આ કીડો ના ઈલાજ, ખેડૂતોના મોં મા આવેલો કોળીયો છીનવાયો

ગાંધીનગર, તા.૨૨

રાજયમાં સારા વરસાદની આશા સાથે ખેડુતોએ ખરીફ પાક એવું મગફળીનું મોટું વાવેતર કરેલ છે. સારા વરસાદે શ્રેષ્ઠ પાક થવાની આશા ખેડુત વર્ગે રાખી હતી તેમજ મગફળીના પાકની માવજત પણ કરી હતી. પરંતુ તૈયાર થયેલા પાકમાં ડોળના કીડાએ દેખા દીધી હતી. અને મગફળીના પાકને ખોતરવા લાગ્યા હતા જે કારણે તૈયાર પાકના મૂળીયા જ સાફ થઈ જતા મગફળીનો દાટ વળી ગયો છે. વરસાદી પાણી, ખાતર અને ખેડૂત વર્ગની મહેનતે જંગી ઉત્પાદનની અપેક્ષા રાખતા ખેડુતવર્ગના મોંમા આવેલો કોળીયો છીનવાઈ ગયો છે. ડોળ નામના આ કીડો ના ઈલાજ હોવાથી ખેડૂત વર્ગ હતાશામાં ધકેલાઈ ગયો છે.

ખરીફ વાવેતર એવું મગફળીનું ઉત્પાદન ઘટી જવાની શકયતાઓ ઉભી થઈ છે. ચાલુ વર્ષે સારા વરસાદે મગફળીનો પાક સારો થવાની આશાએ ખડૂતોએ ખાતર, પાણી અને માવજત વધારી દીધી હતી. સમયસરના વરસાદે મગફળીનો પાક ખેતરોમાં લહેરાઈ ઉઠતા ખેડુતોનો હરખ સમાતો નહોતો પરંતુ પાકની લણણીના સમયે જ ડોળ નામના કીડાએ દેખા દેતાં ખેડૂતોને ધ્રાસકો પડયો છે. આ કીડો સીધા પાકના મૂળીયા જ સાફ કરી નાંખતો હોઈ મગફળીના મૂળીયા ખલાસ થઈ જતા મગફળીના દાણા મુરઝાઈ ગયા છે અને ઉત્પાદન ઘટી જવાની મોટી શકયતા ઉભી થઈ ગઈ છે. ડોળ નામના આ કીડા ઉપર કોઈ પણ જાતની જંતુનાશક દવા અસરકારક સાબિત થઈ રહી નથી ત્યારે કુદરતની આ કારમી થપાટે ખેડુત વર્ગ નિરાશામાં સરી પડયો છે.

પૂર્ણ વિકાસ પામેલા મગફળીના છોડના મૂળીયા આ ડોળ ખાઈ જતા હોય છે અને આ છોડ અવિકસીત બની નાશ પામે છે. લીલુંછમ્મ દેખાતું ખેતર ડોળના કારણે સુકુભઠ્ઠ બની જાય છે. જંગી ઉત્પાદનની અપેક્ષા સાથે સારું એવું વળતર મળવાની અપેક્ષા સેવતો ખેડુત વર્ગ નુકસાનમાં આવી પડયો છે. વધુમાં મગફળીનું ઉત્પાદન ઘટી જવાની શકયતાએ બજારમાં પણ તેની બનાવટો મોંઘી થઈ જવાની દહેશત ઉભી થઈ છે. દિવાળી આસપાસ માર્કેટયાર્ડોમાં મગફળીની આવક શરૂ થાય છે પરંતુ ડોળના ડંખથી છવાયેલો ખેડુત વર્ગ પોતાનો કાચો માલ સમયસર બજારમાં મુકી નઈ શકે જેથી મિલરો પણ આ તકનો લાભ લઈ સિંગતેલનો સ્ટોક કરવાનું શરૂ કરશે અને માલની અછત વચ્ચે ભાવો આસમાને પહોંચશે તેવી દહેશત પણ ઉભી થઈ છે. જો કે હર હંમેશ મુજબ ખેડુત વર્ગને કુદરતે મારેલી આ કારમી થપાટ તેમને ભારે નુકસાનમાં મુકી દેશે તે હકીકત બની છે.

### ગાંધી મિત્ર વર્તુળ ગાંધીનગરની માસિક બેઠક

ગાંધીનગર, તા.૨૨

ગાંધી મિત્ર વર્તુળ ગાંધીનગરની માસિક બેઠક તા. ૨૪મી સપ્ટેમ્બરના રોજ ચોથા શનિવારે સાંજે પાંચ વાગે ગાંધીજન અમૃતભાઈ ત્રિવેદીના નિવાસસ્થાને ૬૨૯, વાસ્તુનિર્માણ સોસાયટી, સે-૨૨, ગાંધીનગરમાં મળશે. ગાંધીનોને ઉપસ્થિત રહેવા સહમંત્રી રમણલાલ શ્રીમાળીએ જણાવેલ છે.

### અવસાન નોંધ

સે-૧૩-બી પ્લોટ નં. ૯૯૬/૨ ખાતે રહેતા અને ગાંધીનગર કલ્ચરલ ફોરમના સભ્ય ધર્મેશભાઈ નાયક અને બ્રિજેશભાઈ નાયકના માતૃશ્રી સુધાબેન લાભશંકર નાયક (ઉ.વ. ૭૨)નું દુઃખદ અવસાન થયેલ છે. શુક્રવારે સવારે ૧૦.૦૦ વાગ્યે તેમની અંતિમયાત્રા નીકળશે.

### ચિરવિદાય

- સ્વ. રણજીતસિંહ ભવાનસિંહ વાઘેલા, ઉ.વ. ૫૯
- સ્વ. જશોદાબેન કાલીદાસ પરમાર, ઉ.વ. ૭૫
- સ્વ. જશોદાબેન લાલજીભાઈ ત્રિવેદી, ઉ.વ. ૫૫
- સ્વ. મંગુબા લાલાજી ઠાકોર, ઉ.વ. ૯૦